Tuesday
14.08.2024
✳Volume :9 ✳ Issue No.27
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Editor :Mahesh N. Patel:- (98249 10606) ✳Managing Editor: Arjun Sondarva
✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદમાં 'તિરંગા યાત્રા'નો શુભારંભ કરાવ્યો

હર ઘર તિરંગા અભિયાન દેશભક્તિની અભિવ્યક્તિની સાથે સાથે ૨૦૪૭ સુધીમાં એક મહાન અને વિકસિત ભારતના નિર્માણના સંકલ્પનું પ્રતીક બની ગયું છે

હર ઘર તિરંગા અભિયાન સમગ્ર દેશમાં એક નવી ઊર્જાનો સંચાર કરી રહ્યું છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા આયોજિત 'તિરંગા યાત્રા'નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ શ્રદ્ધેયુ હર ઘર તિરંગા અભિયાન વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે દેશભક્તિ અને સંકલ્પની અભિવ્યક્તિ બની ગયું છે. તેમણે કહ્યું કે આ અભિયાન માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં એક નવી ઊર્જાનો સંચાર કરી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, ૧૫મી ઓગસ્ટે આઝાદીના ૭૮મું વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છીએ અને આ અવસર નિમિત્તે

પ્રધાનમંત્રી મોદીજીના નેતૃત્વમાં ભારતે છેલ્લા ૧૦ વર્ષમાં એવું ઘણું બધું હાંસલ કર્યું છે, જે સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરે છે

વિના ગુજરાતમાં એક પણ ઘર કે ઓફિસ ન હોવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત ત્રિરંગાને શણગારે તે માટે આ તિરંગા યાત્રા શરૂ કરવામાં આવી છે અને તેના થકી ગુજરાત અને દેશના દરેક નાગરિકના મનમાં દેશભક્તિની ભાવના જાગૃત થાય છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, જ્યારે પ્રધાન મંત્રી મોદીએ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવાનો નિર્ણય લીધો હતો, ત્યારે તેની પાછળ ત્રણ લક્ષ્યાંકો હતાં. પહેલું લક્ષ્ય દેશના દરેક બાળક, યુવાનને નાગરિકને આઝાદીની લડતના સંપૂર્ણ ઈતિહાસની યાદ અપાવવાનું હતું. બીજું લક્ષ્ય તમામ નાગરિકોને, ખાસ કરીને યુવા પેઢીને, આઝાદીના ૭૫ વર્ષોમાં દેશે મેળવેલી સિદ્ધિઓ વિશે માહિતગાર કરવાનું હતું. ત્રીજો હેતુ એ હતો કે દેશના ૧૪૦ કરોડ નાગરિકો ભારતને આઝાદીની શતાબ્દી સુધી 'અમૃત કાલ'ના આગામી ૨૫ વર્ષ સુધી દેશના વિકાસ તરફ કામ કરીને વિશ્વના દરેક ક્ષેત્રમાં ભારતને વિજેતા બનાવવાની પ્રતિજ્ઞા લેવડાવે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના અભિયાન બાદ 'અમૃત કાળ'માં દેશને પ્રથમ બનાવવાનો સંકલ્પ યાદ અપાવવા માટે દર વર્ષે ઘર તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે, આજે આ પ્રસંગે આપણે દેશની આઝાદી માટે સર્વસ્વ ન્યોછાવર કરનાર અસંખ્ય શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. શ્રી અમિત શાહે ઉમેર્યું હતું કે, છેલ્લાં ૧૦ વર્ષમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતે એવી ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે, જેણે આખી દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી છે. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીજીનાં નેતૃત્વમાં આપણો તિરંગો ચંદ્રનાં દક્ષિણ ધ્રુવ સુધી પહોંચી ગયો છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, ભારત દ્રઢ થકાઓથી આતંકવાદ અને નક્સલવાદથી પીડાતું રહ્યું છે, પણ મોદીજીએ સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક કરીને દેશના દુશ્મનોને જડબાતોડ જવાબ આપ્યો છે. આ સાથે જ મોદીજીએ ટેકનોલોજીના ઉપયોગ

૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત દેશ બનાવવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે યુવાનોએ ખાસ કરીને આગળ આવવું પડશે

કરીને રસીનાબંને ડોઝ વિના મૂલ્યે આપીને ૧૩૦ કરોડ દેશવાસીઓને કોવિડ-૧૯થી બચાવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને સંપૂર્ણ વિકસિત કરવાનો સંકલ્પ હાંસલ કરવા માટે દેશનાં યુવાનોએ ખાસ આગળ આવવાની જરૂર છે. તેમણે કહ્યું કે, આજે દરેકના હાથમાં તિરંગો જોઈને લાગે છે કે આ સંકલ્પ સાથે આખું ગુજરાત જોડાયેલું છે અને દેશભક્તિની ભાવનાથી ભરેલું છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીએ ૯મી થી ૧૫ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાનની શરૂઆત કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, આપણે સૌએ આપણા ઘરો, ઓફિસો, કારખાનાઓ કોર્પોરેટ સ્થળોએ તિરંગા ફરકાવીને તેની સાથે સેલ્ફી લઈને આ અભિયાનમાં જોડાવું જોઈએ. શ્રી શાહે જણાવ્યું હતું કે, આ અભિયાનના માધ્યમથી આપણે સૌએ દેશવાસીઓમાં દેશપ્રેમની ભાવના જાગાડવા અને ભારતને સંપૂર્ણ વિકસિત દેશ બનાવવાના સંકલ્પમાં જોડાવું જોઈએ તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદીએ દેશમા

ચાલો આપણે પ્રધાનમંત્રી મોદીના ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન અને 'હર ઘર તિરંગા, હર ઘર ખાદી'ના મંત્રોને સાકાર કરીએ

આપણે સૌએ આપણા ઘર, ઓફિસો, ફેક્ટરીઓ વગેરે પર તિરંગો લગાવીને 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાવું જોઈએ અને તેની સાથે સેલ્ફી લેવી જોઈએ

ખાદીનો ઉપયોગ વધારવા અને તેના દ્વારા તેનો વેપાર વધારવાની અપીલ પણ કરી છે. તેમણે કહ્યું કે આપણે 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન' અને 'હર ઘર તિરંગા, હર ઘર ખાદી' (દરેક ઘરમાં ત્રિરંગો, દરેક ઘરમાં ખાદી) ના મંત્રોને સાકાર કરવા પડશે.

જન્મદિવસની શુભકામનાઓ

માર્ગદર્શક, સરળ વ્યક્તિત્વ, જેમનું જીવન સતત પ્રેરણા સ્રોત છે તેવા માનનીય કેબિનેટમંત્રીશ્રી

શ્રી ભાનુબહેન બાબરીયા

ને જન્મદિવસ પર વંદન સહ "કમલમ્ દૈનિક અખબાર" વતી ખૂબ ખૂબ શુભકામનાઓ...

મહેશ એન. પટેલ
કમલમ્ (તંત્રી)

"કમલમ્" દૈનિક-અખબાર પરીવાર

તાપી જિલ્લાકક્ષાના ૭૫ માં વન મહોત્સવમાં રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની ખાસ ઉપસ્થિતિ

પ્રકૃતિના ખોળે વસેલા તાપી જિલ્લાના સૌંદર્યને ટકાવી રાખવાની જવાબદારી સૌ નાગરિકોની છે - રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિ

ભાવિ પેઢીને સ્વસ્થ અને શુદ્ધ વાતાવરણ પુરું પાડવા માટે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવા મહાનુભાવો દ્વારા અનુરોધ કરાયો

કમલમ્ ન્યુઝ,તાપી

તાપી જિલ્લામાં જયેશ ભૂલકા ભવન ખાતે આયોજિત જિલ્લાકક્ષાના ૭૫ માં વન મહોત્સવની ઉજવણી પ્રસંગે પોતાની પ્રેરક ઉપસ્થિતિ નોંધાવતા આદિજાતિ વિકાસ, ગ્રામ, રોજગાર, ગ્રામ વિકાસ રાજ્યકક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ સૌ ઉપસ્થિત નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીદ્વારા 'એક પેડ માં કે નામ' અનોખી પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પર્યાવરણનું જતન અને સંરક્ષણ એ આપણી સૌની જવાબદારી બને છે. મંત્રીશ્રી હળપતિએ જણાવ્યું કે, પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા તાપી જિલ્લાની સુંદરતાને ટકાવી રાખવા અને તેમાં વધારો કરવા માટે સૌએ જવાબદાર બનીને વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઈએ. આવનારી પેઢીને સ્વસ્થ અને શુદ્ધ વાતાવરણ પુરું પાડવા માટે તેમજ પર્યાવરણનું સંતુલન જાળવવા માટે સૌએ પર્યાવરણ

હિતેચ્છુ અભિગમ અપનાવવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યોહતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી જાલમસિંહ વસાવા અને ધટાસભ્ય શ્રીમોહનભાઈ કોંકણીએ પણ પર્યાવરણ ના જતનમાં નાગરિકોની ભૂમિકા મહત્વપૂર્ણ ગણાવતા વધુમાં વધુવૃક્ષોનું વાવેતર કરવા માટે અનુરોધ કર્યો હતો. ઉપરાંત, કચરો કચરા પેટીમાં નાખવા, કાપડની થેલીનો ઉપયોગ કરવા અને લોકોને સ્વચ્છતા પ્રત્યેની ભાવના કેળવવા અને જાગૃત કરવા માટે પ્રયાસો કરવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા. પ્રાસંગિક ઉદ્બોધન કરતા મુખ્ય વન સંરક્ષણ ડી.કે.શશી કુમાર તાપી જિલ્લાની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે આખા ગુજરાતમાં સૌથી વધુ વૃક્ષો તાપી જિલ્લામાંછે.તાપીજિલ્લો દુંડરના ખોળે વસેલો જિલ્લોછે. આ પ્રસંગે સામાજીક વનીકરણ વિભાગના લાભાર્થીઓના લાભો અને વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓને સન્માનિત કરાયા હતા. નાયબ વનસંરક્ષક શ્રીપુનિત નૈયર,પ્રાયોજના વહિવટદાર શ્રી રામનિવાસ બુગાલીયા, નિવાસી અધિક કલેકટર શ્રી આર આર બોરડ, જિલ્લા પંચાયત અને તાલુકા સદસ્યશ્રીઓ, સંગઠનના હોદ્દેદાર શ્રીઓ, જયેશ ભૂલકા ભવન ના પ્રમુખશ્રી, આચાર્યશ્રીઓ, સહીત વન વિભાગના અધિકારીઓ કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કૌશલ્ય નિર્માણ અને કૌશલ્ય અનુરૂપ રોજગારીની પૂરતી તકો પૂરી પાડવાનો ગુજરાત સરકારનો દ્રઢસંકલ્પ: શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

સુરેન્દ્રનગરની આઈ.ટી.આઈ-મુળી તેમજ તાપીની આઈ.ટી.આઈ-કુકરમુંડાના નવનિર્મિત ભવનનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરતા શ્રમ અને રોજગાર મંત્રીશ્રી

રૂ. ૧૬ કરોડથી વધુના ખર્ચે નવનિર્મિત બંને આઈ.ટી.આઈમાં મળી કુલ ૪૦૦ બેઠકોનો વધારો કરાયો; આઈ.ટી.આઈ- મુળીમાં ૨૪૦ બેઠકોનો વધારો

કુકરમુંડા ખાતે રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ અને મુળી ખાતે વિધાનસભાના નાયબ દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિ



કમલમ્ ન્યુઝ,

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ગાંધીનગર ખાતેથી સુરેન્દ્રનગરની આઈ.ટી.આઈ-મુળી અને તાપીની આઈ.ટી.આઈ-કુકરમુંડાના નવનિર્મિત ભવનનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું. આશરે રૂ. ૧૬ કરોડથી વધુના ખર્ચે નવનિર્મિત આઈ.ટી.આઈ ભવનના લોકાર્પણ પ્રસંગે કુકર મુંડા ખાતે શ્રમ અને કૌશલ્ય રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ તેમજ મુળી ખાતેથી વિધાનસભાના નાયબ દંડક શ્રી જગદીશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આઈ.ટી.આઈ-કુકરમુંડામાં ૨૦૬ બેઠક હતી, જેને હવે વધારીને ૪૩૬ કરવામાં આવી છે. જ્યારે, આઈ.ટી.આઈ-મુળીમાં અગાઉ ૨૪૦ બેઠકો હતી, તેને વધારીને ૪૮૦ કરવામાં આવીછે. મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે વિદ્યાર્થીઓનું ઉત્સાહવર્ધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના વિદ્યાર્થીઓના કૌશલ્ય નિર્માણ તેમજ તેકૌશલ્યના અનુરૂપ રોજગારીની પૂરતી તકો પૂરી પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે. આજે લોકાર્પણ થયેલા નવીન આઈ.ટી.આઈ ભવનોને મળીને ગુજરાત સરકારે ગત બે વર્ષમાં ૧૧ અદ્યતન આઈ.ટી.આઈ ભવનનું નિર્માણ કર્યું છે. એટલું જ નહિ, રાજ્યના વધુમાં-વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી તાલીમબદ્ધ કરી શકાય તે માટે આઈ.ટી.આઈની બેઠકોમાં પણ વધારો કર્યોછે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્કીલ ઈન્ડિયા મિશન થકી ભારત ભવિષ્યમાં ગ્લોબલ સ્કિલ હબ બનશે, જેમાં ગુજરાતના અને કવિધ નવતર પ્રયાસોનો મહત્વપૂર્ણ ફાળો રહેશે. ગુજરાતમાં દેશની પ્રથમ નવી ટેકનોલોજીને અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા માટે નવા અને અદ્યતનઅભ્યાસક્રમોધરાવતી કૌશલ્ય-ધ રિકિલ યુનિવર્સીટી બનાવવામાં આવી છે. સાથે જ, સ્કિલ બેઝડ શિક્ષણ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવારાજ્યની ૧૫૮ જેટલી આઈ.ટી.આઈમાં ૫૪થી વધુકોર્ષશરૂ કરાયાછે. ગુજરાતનો યુવાન કયાય પાછો ન પડે તે માટે રાજ્ય સરકારે અનેક નવી વ્યવસ્થાઓ કરી રહી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગત૨૦ વર્ષદરમિયાન વિશ્વના ૫૦૦પ્રતિષ્ઠિત ઉદ્યોગોપૈકી ૧૦૦ જેટલા ઉદ્યોગોએ ગુજરાતમાં રોકાણ કર્યું છે. આ પ્રતિષ્ઠિત ઉદ્યોગકારોને તેમની જરૂરિયાત મુજબનું કૌશલ્યવાન માનવબળ પુરું પાડવા માટે રાજ્ય સરકારે કેટલાક ઉદ્યોગો સાથે રે કરીને સ્થાનિક યુવાનોને ઘર આંગણે રોજગારી પૂરી પાડી છે. આવા નવતર અભિગમોના પરિણામે ગુજરાતના બેરોજગારી દરમા ઘટાડો આવ્યોછે. સાથેજ, રોજગાર કચેરીઓ દ્વારા યુવાનોને રોજગાર પૂરો પાડવામાં આજે ગુજરાત દેશમાં પ્રથમ છે. આ કાર્યક્રમ દરમિયાન કુકરમુંડા અને મુળી ખાતે સંસદ સભ્ય સર્વ શ્રી પ્રભુભાઈ વસાવા, શ્રી ચંદુભાઈ સિહોરા, ધારાસભ્ય ડો. જયરામભાઈ ગામીત સહિત ના પદાધિકારી-અધિકારીશ્રીઓતેમજ ગાંધીનગર ખાતેથીશ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગના સચિવ શ્રી વિનોદ રાવ સહિત વિવિધ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાહતા.

તંત્રી સ્થાનેથી......

કૃષિ એ ભારત દેશમાં પ્રાચીન યુગથી ઋષિઓની પરંપરા રહી છે. પ્રકૃતિએ ધરતી પર કૃષિના રૂપમાં માનવજાત પર સૌથી મોટા આશીર્વાદ આપ્યા છે. અનાદિકાળથી કુદરતના ખોળે કુદરતી સંસાધનોથી ખેતી કરતો આપણો દેશ વચ્ચે થોડા સમય માટે કુત્રિમ રાસાયણિક ખાતર રાસાયણિક દવાઓ તરફ વળી ગયો હતો. કોરોના વાયરસના પ્રકોપસામે રોગપ્રતિકારકશક્તિનું મહત્વ સમજાયું છે ત્યારે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓવિનાનું ખોરાકનું મહત્વ વધ્યું છે મનુષ્યને સ્વાસ્થ્યની સુરક્ષામાટે કૃષિક્ષેત્રે ફરી કુદરતના ખોળે જવાની જરૂરિયાત ઊભી થઈ છે અને આ સમયગાળામાં આ માટેનો સૌથી ઉત્તમ્ વિકલ્પ છે પ્રાકૃતિક ખેતી. કચ્છ જિલ્લામાં મુખ્યત્વે કપાસ, મગફળી, જીરુ, કઠોળ, ઘઉં બાજરી, એરંડા, શાકભાજી તેમજ ફળપાકમાં દાડમ, લીંબુ, જામફળ, ડ્રેગન ફ્રુટ, ખારેક, કેરી જેવા પાક વધુ પ્રમાણમાં લેવામાં આવે છે. આ પાકમાં પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આવે તો ઉત્પાદન વધારી શકાય છે ઉપરાંત પાકની ગુણવત્તા પણ સુધારી શકાય છે. હાલ કચ્છ જિલ્લાના અનેક ખેડૂતો, ડ્રેગન, કેરી, દાડમ, લીંબુ, જામફળ, મગફળી, કઠોળ વગેરે પાકમાં પ્રાકૃતિક ખેતીથી સફળ ખેતી કરી રહ્યા છે. સરકારશ્રી દ્વારા આખું ગુજરાત રાજ્ય સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતું રાજ્ય બને તે માટે વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે મોરબી જિલ્લો પણ આમાં અગ્રેસર રહે તે માટે કચ્છ આત્મા કચેરી દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવે છે.

કમલમ્ ન્યુઝ,

ભારત વિકાસ પરિષદ ભારત નગર શાખા દ્વારા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું જૈનાચાર્ય અજરામર શ્રી સરસ્વતી શિશુમંદિર આદિપુર ખાતે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રમુખ શ્રી જીગરભાઈ ઠક્કર. ઉપપ્રમુખ ઉપેન્દ્ર પુરીગોસ્વામી. મંત્રીશ્રી દેવેન્દ્રભાઈ ઠક્કર. સલાહકાર શ્રી રમેશભાઈ સથવારા. મહિલા સંયોજિકા પૂજાબેન ગોસ્વામી. તથા સ્કૂલના સ્ટાફના સહયોગથી સ્કૂલના પ્રાંગણમાં ખાડા ખોદી બહોળી સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવેલું હતું.

મોરબી જિલ્લાકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે મોરબીમાં ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ યોજાયું

જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીએ કાર્યક્રમનું નિરીક્ષણ કરીને અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી

કમલમ્ ન્યુઝ,મોરબી

૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા પર્વની મોરબી જિલ્લાકક્ષાની ઉજવણી મોરબીમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારું આયોજન માટે જિલ્લા કલેક્ટર શ્રી કે.બી. ઝવેરીની ઉપસ્થિતિમાં રિહર્સલ યોજાયું હતું. રિહર્સલ દરમિયાન કલેક્ટરશ્રીએ સ્વતંત્રતા પર્વ અનુસંધાને કરવામાં આવેલી તૈયારીઓનું નિરીક્ષણ કરીને અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપી હતી. ધ્વજ વંદન, પરેડ નિરીક્ષણ, મહાનુભાવનું ઉદ્બોધન, સાંસ્કૃતિક કાર્યક્રમ, અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓનું સન્માન સહિતના કાર્યક્રમો આયોજનબદ્ધ રીતે યોજાય તે માટે જિલ્લા કલેક્ટરશ્રીએ માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, અધિક નિવાસી કલેક્ટરશ્રી એસ.જે. ખાચર, મોરબી પ્રાંત અધિકારીશ્રી સુશીલ પરમાર, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સંદીપ વર્મા સહિતનાં અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા "હર ઘર તિરંગા" રેલીનું આયોજન

કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સીટી, વિસનગરના NSS Unit - સ્વામી સચ્ચિદાનંદ પોલીટેકનીક કોલેજના ઉપક્રમે દેશની આન-બાન-શાન સમાન "હર ઘર તિરંગા" યાત્રાનું તા ૧૩/૦૮/૨૦૨૪ ના મંગળવારના રોજ સવારે ૯:૩૦ વાગે આયોજન કરવામાં આવ્યું હતું. વિસનગર નગરપાલિકા પ્રમુખ માન. શ્રી ઉત્તમભાઈ પટેલ, ચીફ ઓફિસર શ્રી પાર્થભાઈ ત્રિવેદી, યુનિવર્સિટી પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલના હસ્તે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી મેઈન ગેટથી લીલી ઝંડી બતાવી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશભકતી જગાવવાના પ્રયાસરૂપે તા. ૯ થી ૧૫ ઓગસ્ટ સુધી "હર ઘર તિરંગા" ઉજવણીના આહવાનના ભાગ રૂપે આ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે નુતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ, યુનિવર્સીટીના પ્રોવોસ્ટ ડૉ. પી.એન. ઉદાણી, રજિસ્ટાર ડૉ. પરિમલ ત્રિવેદી, વિવિધ સંસ્થાઓના ડીન/પ્રિન્સિપાલશ્રીઓ તથા અંદાજે પંદરસો જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ડીજેના તાલે તિરંગા રેલીમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તિરંગા રેલી સાંકળચંદ પટેલ યુનિવર્સીટી થી મહેસાણા ચાર રસ્તા, ત્રણ ટાવર થઈ સાંકળચંદ યુનિવર્સીટી પરત ફરી હતી. રેલી દરમિયાન સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયેલ જોવા મળ્યું હતું.

કમલમ્ ન્યુઝ,

ભુજ બસપોર્ટ ખાતે સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલની ઉપસ્થિતીમાં 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત એસ.ટી બસમાં તિરંગો લહેરાવીને બસપોર્ટમાં હાજર મુસાફરોને રાષ્ટ્રધ્વજનું પદાધિકારીશ્રીઓના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આગેવાનશ્રી દેવજીભાઈ વરચંદ, વિભાગીય નિયામકશ્રી ભુજ યોગેશભાઈ પટેલ, ડેપો મેનેજરશ્રી ભુજ અને એસ.ટી સ્ટાફના કર્મયોગીઓ જોડાયા હતા.

રાપર ખાતે તાલુકાકક્ષાની તિરંગા યાત્રામા બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા

ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજાએ તિરંગાયાત્રાનો પ્રારંભ કરાવતા નાગરિકોને ઘર ઘર તિરંગો લહેરાવવા કર્યો અનુરોધ

સરહદી વિસ્તારમાં લોદ્રાણી ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં પોલીસ, બીએસએફના જવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો

કમલમ્ ન્યુઝ,ભુજ

સ્વાતંત્ર્યતા પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં તિરંગા યાત્રા યોજાઈ રહી છે. કચ્છ જિલ્લામાં પણ તિરંગા યાત્રાને જન પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે રાપર તાલુકામાં રાપરમાં કક્ષાની, સરહદી ગામ લોદ્રાણી તથા તાલુકાના વિવિધ ગામમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પદાધિકારીશ્રીઓ, ગ્રામજનો, પોલીસ જવાન, બીએસએફના જવાન, હોમગાર્ડના જવાનો તથા શાળાના છાત્રો જોડાયા હતા. દેશભક્તિના નારાઓથી શહેર તથા ગ્રામની ગલીઓ ગુંજી ઉઠી હતી. રાપર ખાતે ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલી તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ, પોલીસ, હોમગાર્ડના જવાનો, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, ગ્રામજનો, સંતો તથા વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. રાપર પોલીસ મથક થી ધારાસભ્યશ્રીએ તિરંગાયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. શહેરના માર્ગો તિરંગા યાત્રાએ ફરીને નાગરિકોને ઘર ઘર તિરંગો લહેરાવવા સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા, ઈન્ચાર્જ મામલતદાર એમ .કે .રાજપૂત, તાલુકા વિકાસ અધિકારી એ.આર.ત્રિવેદી, પીઆઈ બી.જે.બુબડીયા, નાયબ મામલતદાર શિવાભાઈ રાજપૂત, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આંબાભાઈ મકવાણા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત રાપર તાલુકાના સરહદી લોદ્રાણી - નાગપુર ખાતે પોલીસ, બીએસએફના જવાનો તથા ગ્રામ પંચાયતના સંયુકત ઉપક્રમે તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વંદે માતરમના નારા સાથે નીકળેલી તિરંગાયાત્રાથી સરહદી વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.

ખેડબ્રહ્મા : હરઘર તિરંગા યાત્રા કાર્યક્રમ અંતર્ગત તિરંગા યાત્રા નું આયોજન

કમલમ્ ન્યુઝ,

તારીખ ૧૩-૮-૨૪ ના રોજ ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ નિમિત્તે હર ઘર ત્રિરંગા કાર્યક્રમ અંતર્ગત તિરંગા પેદલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું તિરંગા યાત્રાનો પ્રારંભ શેઠ કે.ટી.હાઈસ્કૂલમાંથી કરવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મા શહેરના વિવિધ માર્ગો ઉપર તિરંગા પેદલયાત્રા, વંદે માતરમ, ભારત માતાકી જય નાદના ગુંજનાદ સાથે સમગ્ર ખેડબ્રહ્મા શહેરનું વાતાવરણ રાષ્ટ્ર ભક્તિના માહોલ માં તરબોળ બન્યું હતું. ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં વિવિધ શહેરોમાં હર ઘર તિરંગા યાત્રા યોજવામાં આવી રહી છે આ તિરંગા પેદલયાત્રામાં સરકારી કચેરીઓ સહકારી સંસ્થાઓ વિવિધ પાર્ટી ના સંગઠનો શૈક્ષણિક સંસ્થાઓના બાળકોઆ પેદલયાત્રામાં ઉલ્લાસેર જોડાયા હતા ખેડબ્રહ્મા ના પૂર્વ ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાળ રાજ્યસભા સાંસદ રમીલાબેન બારા, પ્રાયોઝના વહીવટદાર સકસેના સર, પ્રાંત અધિકારી પટેલ સર, મામલતદાર પરમાર સર, ખેડબ્રહ્મા તથા બંને કચેરીના સ્ટાફ મિત્રો, પી.એસ. આઇ એ.વી જોશી જિલ્લા સંગઠનના હોદેદારો ભારતીય જનતા પાર્ટી ખેડબ્રહ્મા તાલુકાના શહેર પ્રમુખ અરવિંદ રાવલ, તાલુકા પ્રમુખ સુરેશભાઈ પટેલ મહામંત્રી રાજેન્દ્રસિંહ ચૌહાણ શિવાભાઈ પરમાર, પ્રશાંત પટેલ, યુવા પ્રમુખ બ્રિજેશ બારોટ પલ્લવભાઈ રાવલ, બીજેપી યુવા પ્રમુખ બ્રિજેશ પ્રજાપતિ, યુવાસંગઠનના હોદેદારો, પોલીસ સ્ટેશનના તમામ પોલીસ કર્મીઓ હોમગાર્ડ, જીઆરડી. ખેડબ્રહ્મા શહેરની પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકો, શિક્ષક મિત્રો, સિવિલ હોસ્પિટલ ખેડબ્રહ્માનો તમામ સ્ટાફ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ, તેમજ નગરપાલિકા સી.ઓ.સર, નગરપાલિકાનો તમામ સ્ટાફ, નગરપાલિકા સફાઈ કામદારો તેમજ ખેડબ્રહ્મા નગરજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તિરંગા યાત્રાને સફળ બનાવી હતી.

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત: શહેરના શ્યામજી કૃષ્ણ વર્મા ગાર્ડન ખાતે સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવતા ધારાસભ્ય ઉદય કાનગડ

શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી ભાવવંદના કરાઈ ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા ઉપસ્થિત રહયા

કમલમ્ ન્યુઝ,રાજકોટ

દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તા.૧૨ થી તા.૧૪ મહાપુરુષોઅને શુરવીરોની પ્રતિમાની આસપાસ સફાઈ અભિયાન અનેપુષ્પાંજલી કાર્યક્રમ ચાલી રહયો છે તે અંતર્ગત વિધાનસભા–૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડધ્વારા શહેરના વોર્ડ–પ માં શ્યામજી કૃષ્ણ વર્મા ગાર્ડન ખાતે તેમજ વોર્ડ–૬માં સીતારામ સોસાયટીમાં સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવાયો હતો. ત્યારબાદ ધારાસભ્ય ઉદય કાનગડ અને શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા ધ્વારા શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી ભાવવંદના કરાઈ હતી. આ તકે શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ઘરોડીયા, વોર્ડના કોર્પોરેટરશ્રીઓ તેમજ વોર્ડ સંગઠનના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આતકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત દેશભરમાં મહાપુરૂષો અને શુરવીરોની પ્રતિમાની આસપાસ સ્વચ્છતા અભિયાન અનેપુષ્પાંજલી કાર્યક્રમ યોજાઈ રહયો છે ત્યારે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'હર ઘર તિરંગા' અભિયાનના માધ્યમથી દેશવાસીઓને એક તાંતણે જોડી દેશમાં સામુહિક રાષ્ટ્રભાવનાની જ્યોત જલાવી છે.

કલોલ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વનું રિહર્સલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયું

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે એચ.જી. મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, વખારીયા હાઈસ્કુલ ખાતે કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપશે. આજરોજ આ કાર્યક્રમનું રિહર્સલ જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. પટેલની ઉપસ્થિતિમાં યોજાયું હતું. કલોલ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ઉત્સાહભેર અને સુવ્યસ્થિત આયોજન પૂર્વક થાય તે માટે સ્વાતંત્ર્યપર્વનું રિહર્સલ યોજાયું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. પટેલે બાળકો, નગરજનો અને આમંત્રિત મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા, સુશોભન, મંડપ જેવી વિવિધ વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે બાળકો દ્વારા રજૂ થનાર દેશ ભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો પણ નિહાળ્યા હતા. ત્યારબાદ અધિકારીઓ સાથે સ્થળ પર બેઠક કરીને જરૂરી બાબતો પર ધ્યાન દોર્યું હતું. સ્વાતંત્ર્ય પર્વના રિહર્સલ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી દિગંત બ્રહ્મભટ્ટ, કલોલ પ્રાંત અધિકારી શ્રી જૈનિલ દેસાઈ, પ્રોટોકલ નાયબ કલેકટર શ્રી અર્જુનસિંહ વણઝારા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. બી.એન.પ્રજાપતિ, કાર્યપાલક ઈજનેર શ્રી કે.ડી.પટેલ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સોનગઢ નગરપાલિકા દ્વારા ૩૦ ફૂટ તિરંગા સાથે તિરંગા યાત્રા આયોજન

કમલમ્ ન્યુઝ,

સોનગઢ નગરપાલિકા દ્વારા ૩૦ ફૂટ તિરંગા સાથે તિરંગા યાત્રા આયોજન કરવામાં આવેલ છે, જે અંતર્ગત આજ રોજ તા. ૧૩/૦૮/૨૦૨૪ મંગળવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સોનગઢ નગરપાલિકા કચેરીના પટાંગણમાં તિરંગા યાત્રાને લીલી ઝંડી બતાવી યાત્રાનું ઉપસ્થીત મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવેલ છે. સોનગઢ નગરપાલિકા ખાતે તિરંગા યાત્રા સોનગઢ નગરપાલિકા ધ્વારા આયોજિત કરવામાં આવેલછે. જે કાર્યક્રમમાં તાપી જિલ્લાના માનનીય પ્રમુખશ્રી મયંકભાઈ જોષી, વહીવટદાર સાહેબશ્રી નલીનીબેન ચાંપાનેરીયા, સોનગઢ નગરપાલિકા ચીફ ઓફીસરશ્રી ધર્મેશભાઈ જે. ગોહેલ, સોનગઢ નગરના ભા.જ.પા સંગઠન પ્રમુખશ્રી હેતલભાઈ મહેતા, નગરપાલિના માજી, ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન ગામીત તેમજ નગરપાલિકાના તમામ માજી.સભ્યશ્રીઓ, સોનગઢ નગરના ભા.જ.પા સંગઠન મહામંત્રીશ્રી રાજુભાઈ ભાવસાર તેમજ સંગઠનના અન્ય હોદેદારો તેમજ સોનગઢ નગરપાલિકાના કર્મચારીશ્રીઓ અને પત્રકાર મિત્રો તથા સોનગઢના નગરજનો તેમજ તમામ શાળાના વિદ્યાર્થીઓ મળી આશરે ૨૩૦૦ ની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલહતી. નગરપાલિકા દ્વારા તિરંગા યાત્રા કાર્યક્રમનું તમામ સંચાલન સફળતા પૂર્વક કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમમાં "એક પેડ માં કે નામ" અંતર્ગત અંદાજીત ૬૦૦ થી વધુ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે. અંતમાં નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી ધ્વારા તમામ મહાનુભાવોનું આભાર માની ભવિષ્યમાં પણ આવોજ સાથ સહકાર મળશે એવી અભિલાષા સહીત કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ હતો.

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત પોતાના જનસેવા કાર્યાલય ખાતે તિરંગો લહેરાવતા ધારાસભ્ય ઉદય કાનગડ

'હર ઘર તિરંગા' અભિયાન તિરંગાની આન–બાન–શાન સાથેનો અનોખો ઉત્સવ બની ગયેલ છે. : તિરંગા માટેનો આ ઉત્સાહ અને ઉમંગ આપણને એકબીજા સાથે જોડે છે : ઉદય કાનગડ

શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયાના નિવાસસ્થાને તિરંગો લહેરાવી કાર્યકર્તાઓ અને શહેરીજનોને પોતાના ઘેર તિરંગો લહેરાવવા જાહેર અપિલ કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં 'હર ઘર તિરંગા' અભિયાન ચાલી રહયું છે ત્યારે ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા પોતાના પેડક રોડ સ્થિત ૬૮–વિધાનસભા જનસેવા કાર્યાલય ખાતે તિરંગો લહેરાવાયો હતો.

તેમજ શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયાના નિવાસસ્થાન ખાતે તિરંગો લહેરાવી ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા પાર્ટીના તમામ કાર્યકર્તાઓ અને શહેરીજનોને પોતાના ઘેર તિરંગો લહેરાવવા જાહેર અપિલ કરવામાં આવી હતી. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે તિરંગો એ દેશની રાષ્ટ્રીય એકતા અને અસ્મિતાનું પ્રતિક છે. આપણી વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ, પરંપરા અને મુલ્યોનું પ્રતિક છે, રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના સંકલ્પ સાથે વર્ષોથી પાર્ટીના કાર્યકર્તાઓ તમામ દેશવાસીઓ સાથે ખૂબ જ ઉત્સાહ અને પ્રતિબધ્ધતા સાથે 'હર ઘર તિરંગા'ની ઉજવણી કરે છે ત્યારે છેલ્લાં કેટલાક વર્ષોથી 'હર ઘર તિરંગા' અભિયાન માટે દરેશ દેશવાસીઓનો ઉત્સાહ તેની પરાકાષ્ઠાએ છે. ગરીબ હોય કે અમીર, નાનુ ઘર હોય કે આલીશાન ઘર, દરેક વ્યકિત તિરંગો ફરકાવી ગર્વની લાગણી અનુભવે છે. આમ 'હર ઘર તિરંગા' અભિયાન તિરંગાની આન–બાન–શાન સાથેનો અનોખો ઉત્સવ બની ગયેલ છે. અને તિરંગા માટેનો આ ઉત્સાહ અને ઉમંગ આપણને એકબીજા સાથે જોડે છે. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર સાથે વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ સંગઠનના હોદેદારશ્રીઓ, વિવિધ મોરચાના હોદેદારો તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ ધ્વજવંદન કરીને અધિકારીશ્રીઓને સૂચનાઓ અને જરૂરી માર્ગદર્શન આપ્યું

ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત ગાંધીધામ ખાતે તિરંગાને સલામી આપીને જિલ્લાકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થશે

ગાંધીધામ ખાતેની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં નાગરિકોને સહભાગી થવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ

કમલમ્ ન્યુઝ,ભુજ,
કચ્છનો જિલ્લાકક્ષાના ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ગાંધીધામના રમતગમત સંકુલ ખાતે ગુજરાતના ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતના વરદહસ્તે થનારી છે. આજરોજ પ્રોટોકોલ સમયનુસાર સવારે ૯.૦૦કલાકે કચ્છ જિલ્લા કલેક્ટર શ્રી અમિત અરોરાની દેખરેખમાં રિહર્સલ કરવામાં આવ્યું હતું. આ રિહર્સલ દરમિયાન કલેક્ટર શ્રી અમિત અરોરાએ ધ્વજવંદન કરીનેતિરંગાને સલામી આપી હતી.

પોલીસ અને હોમગાર્ડની પરેડનું નિરીક્ષણ કરીને કલેક્ટર શ્રીએ વિવિધ સ્કૂલના બાળકો દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોનિહાળ્યાહતા. કલેક્ટરશ્રી અમિત અરોરાએ સરકારશ્રીના નિયત પ્રોટોકોલ અનુસાર જિલ્લાકક્ષાની ઉજવણી કરવા સંબંધિત વિભાગના તમામ અધિકારીશ્રીઓનેસૂચનાઓઆપી જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. ગાંધીધામ ખાતે સ્વાતંત્ર્ય પર્વના મિનિટ ટુ મિનિટ ધ્વજ વંદન રિહર્સલકાર્યક્રમને કલેક્ટરશ્રીએ નિહાળ્યો હતો નાગરિકો ગાંધીધામ ખાતે આયોજિત જિલ્લાકક્ષાની ઉજવણી સહભાગી બને એવો અનુરોધજિલ્લાવહીવટીતંત્ર કચ્છ દ્વારા કરવામાં આવ્યો છે. આ સ્વાતંત્ર્ય પર્વની જિલ્લાકક્ષાની ઉજવણીના રિહર્સલપ્રસંગે પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમાર, નિવાસી અધિક કલેક્ટરશ્રી મિતેશપંડ્યા, મદદનીશ કલેક્ટરશ્રી સુનિલ, તાલીમીસનદી અધિકારીસુશ્રી ઈ. સુસ્મિતા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નિકુંજ પરીખ, માર્ગ અને મકાન વિભાગ રાજ્યના અધિક્ષક ઈજનેરશ્રી વી.એન. વાઘેલા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સંજયભાઈ પરમાર, ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામકશ્રી ઘનશ્યામ પેડવા, મામલતદારશ્રી રાહુલ ખાભરા, મુખ્ય જિલ્લા

આરોગ્ય અધિકારી ડૉ. આર.આર.ફૂલમાલી, પીજીવીસીએલ અંજાર વતૂર્ળના મુખ્ય અધિક્ષક ઈજનેરશ્રી એ.એસ.ચૌધરી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી ડૉ. કશ્યપ બૂચ, વિદ્યુતવિભાગનાઈજનેરશ્રી જયકરણ ગઢવી,ચીફ ઓફિસરશ્રી સંજય રામાનુજ, પૂર્વ કચ્છ હોમગાર્ડ કમાન્ડન્ટશ્રી ભૂમિતવાઢેર, નાયબ પોલીસ અધિક્ષકશ્રીએ.વી રાજગોર અને મુકેશ ચૌધરી સહિત વિવિધ શાળાના વિદ્યાર્થીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિતરહ્યા હતા.

ઈન્ટરનેશનલ ટેકવન્ડો ચેમ્પીયનશીપ - ૨૦૨૪નું આયોજન

કમલમ્ ન્યુઝ,
MBW-2024 ઈન્ટરનેશનલટેકવન્ડો ઓપન ચેમ્પિયનશિપ મલેશિયા માં વ્યારા તાપી ના તાર લાવો સીધ્ધીઓ મલેશિયા તા.૦૨/૦૮/૨૦૨૪ થીગવ તા.૦૪/૦૪/૨૦૨૪દરમ્યાન સ્મ્ઉ-૨૦૨૪ ઈન્ટર નેશનલ ટેકવન્ડો ચેમ્પીયનશીપ-૨૦૨૪નું આયોજન કરવામાંઆવેલ, જેમાં અલગઅલગ કુલ-૨૦ દેશોન જેમાં વ્યક્તિગતમાં કુલ-૨૦૦૦ એથલેટીકોએ ભાગ લીધેહતો. જેમાં વ્યારાતાપી ટેક વનડો એકેડમીના ૩ ત્રણ વિદ્યાર્થી ઓ એભાગ લીધો હતો જેમાં તસવીરમાં(૧)ઈવા પટેલ (ગોલ્ડ મેડલ)(૨)(કુશ અભિષેક ઠાકોર(ગોલ્ડ મેડલ) (સિલ્વર મેડલ)(૩) ત્રિશા અક્ષયકુમાર સાલવે(ગોલ્ડ મેડલ)(સિલ્વર મેડલ) વિનય બી પટેલ કોચ આમ પાંચ મેડલો પ્રાપ્ત કર્યા ઘણા વર્ષોથી ચાલતા તાપી ટેકવોન્ડો(કરાટે) ક્લાસનાચીફ, તેમજ ઓલ ગુજરાત ટેકવન્ડો એસોસિયેશનના વાઈસ પ્રેસિડેન્ટ અને નેશનલ રેફરી એવા ૪ડાન બ્લેક બેલ્ટ વિનય બી. પટેલનાનેજા હેઠળવિદ્યાર્થીઓ આગળની સીધ્ધીઓ માટે તાલીમ લઈ રહ્યાજેમા ઓલ ગુજરાત ટેકવન્ડોના સેક્રેટરી શ્રી વિકાશભાઈ વર્મા અને શ્રી વિનય બી. પટેલજેઓના નેજા હેઠળ તૈયાર થયેલ ઈવાપટેલ કુશ અભિષેક ઠાકોર ઉં.વ-૮ રહેવાસી પનીયારીગામ અને ત્રિશા અક્ષય કુમાર સાળવે ઉં.વ-૮ રહેવાસી વ્યારા તા.વ્યારા જિલ્લો તાપીનાએ તાપી જિલ્લા ગુજરાત રાજ્ય વતી વ્યક્તિગત તથા જોડી (પેર) માં ભાગ લીધેલ જેમાં ત્રિશા અક્ષય કુમાર સાળવે ઉં.વ-૮ રહેવાસીવ્યારા કુશ અભિષેક ઠાકોર ઉં.વ-૮ રહેવાસી

પનીયારી તા.વ્યારા રહેવાસી-વ્યારા જિલ્લો તાપીનાએ વ્યક્તિગત કુલ-૨૦૦૦એથલેટીકો માંથી ગોલ્ડ મેડલ તથા કુશ અભિષેક ઠાકોર અને ત્રિશા અક્ષયકુમાર સાળવેએ જોડીમાં સીલ્વર મેડલ મેળવી તાપી જિલ્લા, ગુજરાત રાજ્ય તેમજ આપણા ભારત દેશનું નામરોશન કરેલછે.જેમાંઈવાપટેલ રહેવાસી-વ્યારાજેઓજન્મથી વિકલાંગબોલી નાશકે સાંભળી ના શકે હોવા છતાસિધ્ધિ પ્રાપ્ત કરેલ છે.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાાન વિભાગમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી

કમલમ્ ન્યુઝ,
તારીખ ૧૨/૦૮/૨૦૨૪ નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સમાજવિજ્ઞાન ભવન ખાતે સ્થિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનવિભાગમાં રાષ્ટ્રીય ગ્રંથપાલદિવસનીઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં કો-ઓર્ડીનેટર ડૉ.યોગેશ એન.વાંસિયા અને અધ્યાપક તરીકે ફરજ પૂરી પડતા ડૉ.શૈલેશ પટેલ, ડૉ.તૃપ્તિબેન વાંસિયા, શ્રીજયદીપભાઈ વ્યાસ, શ્રી નવનીતભાઈ પટેલ અને શ્રી પંકજભાઈપટેલ હાજરરહ્યાહતા. પ્રસ્તુત કાર્યક્રમનુંસંચાલન ખરવર વૃંદા અને સ્નેહા વાઘેલા દ્વારા કરવામાંઆવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ-પ્રગટ્યાદ્વારા કરવામાંઆવી હતી. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક ડૉ.શૈલેશ પટેલ દ્વારા પ્રસ્તુત દિવસનું મહત્વ અનેએસ.આર.રંગનાથનનાં જીવન અને કારકિર્દી વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કાર્ય હતા. ત્યારબાદ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં B.L.I.Sc. અનેM.L.I.Sc.નાં વિદ્યાર્થીઓ દ્વારા ડૉ.એસ.આર.રંગનાથનનાં જીવનચારિત્ર્ય વિષે અને એક ઉત્તમ ગ્રંથપાલ બનવા માટે જરૂરી ગુણ વિષે ચર્ચા કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ નિમિત્તે ઉજવણી અર્થે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ.કિશોર સિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ.રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાંઆવી હતી.

ગુજરાત સરકારની વિવિધ તીર્થદર્શન યોજનાઓ હેઠળ ૧.૪૨ લાખથી વધુ શ્રદ્ધાળુઓને મળ્યો તીર્થયાત્રાનો લાભ

"શ્રવણ તીર્થ યોજના" હેઠળ સૌથી વધુ ૧ લાખ ૩૮ હજાર ૭૪૮ શ્રદ્ધાળુઓએ મેળવ્યો લાભ

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર
વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ એક બાજુ રાજ્યમાં સ્થિત વિવિધ યાત્રાધામોનો પૂરઝડપે વિકાસ થઈ રહ્યો છે અને મુલાકાતીઓ તેમજ શ્રદ્ધાળુઓની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે, તો બીજીબાજુ રાજ્ય સરકાર કેટલીક એવીયોજનાઓ પણ ચલાવી રહીછે, જેના થકી હજારો શ્રદ્ધાળુઓ સરકારી સહાય મેળવીને રાહત દરે પોતાના મનગમતા તીર્થસ્થાનોના દર્શન કરી રહ્યા છે. રાજ્ય સરકારની શ્રદ્ધાળુઓ માટે ચલાવવામાં આવતી વિવિધ તીર્થદર્શન યોજનાઓનો છેલ્લા ૭વર્ષોમાં ૧ લાખ ૪૨હજાર કરતા વધુશ્રદ્ધાળુઓએ લાભ ઉઠાવ્યો છે, જે પૈકી શ્રવણ તીર્થ દર્શન યોજના હેઠળ સૌથી વધુ ૧ લાખ ૩૮ હજાર ૭૪૮ શ્રદ્ધાળુઓએ લાભ મેળવ્યોછે. ગુજરાતપવિત્ર યાત્રાધામ વિકાસબોર્ડના સચિવશ્રી આર.આર. રાવલે જણાવ્યું કેશ્રદ્ધાળુઓને તેમના શ્રદ્ધા સ્થાનકો પર પહોંચાડી તેમને તેમના ઈષ્ટદેવના દર્શન કરવામાં મદદ કરનારી આ વિવિધ યોજનાઓનું સંચાલન ગુજરાત પવિત્ર યાત્રાધામવિકાસ બોર્ડ (જીપીવાયવીબી) કરે છે, અને આ યોજનાઓમાં સૌથી વધુ લોકપ્રિય યોજના શ્રવણ તીર્થદર્શન યોજના છે. આયોજનામાં રાજ્ય સરકાર વડીલોને તીર્થકરાવવામાટે શ્રવણની ભૂમિકા ભજવી રહી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડદ્વારા શ્રવણ તીર્થ યોજના ઉપરાંત અન્ય યોજનાઓ પણ ચલાવવામાં આવીરહી છે, જેમાંકૈલાસમાનસરોવર યોજનાઅને સિંધુ દર્શન યોજનામહત્વની છે.

શ્રવણ તીર્થ દર્શન યોજના હેઠળ ૨૮૫૦ બસો દ્વારા વડીલોને કરાવાઈ તીર્થયાત્રા

રાજ્યમાં વસતાસીનિયર સિટિઝન્સ એટલે કે વરિષ્ઠ નાગરિકોને રાહત દરે તીર્થયાત્રાકરાવવામાટે રાજ્યસરકાર દ્વારા શ્રવણ તીર્થદર્શન યોજના અમલીછે, જેને વડીલોનો ભારે પ્રતિસાદ મળે છે. ૨૦૧૭-૧૮થી ચાલતી આ યોજના હેઠળ રાજ્ય સરકારે અત્યારસુધીમાં ૧,૩૮,૭૪૮ શ્રદ્ધાળુઓને ૨૮૫૦બસો દ્વારા તીર્થદર્શન કરાવવામાં આવ્યા છે. રાજ્ય સરકારે આ યોજનાહેઠળ વડીલોને અત્યારસુધીમાં કુલ ?૧૦કરોડ ૨૫લાખ ૭૫હજારની સહાય કરીછે. ઉલ્લેખનીય છેકે, ૧મે, ૨૦૧૭ના રોજ ગુજરાત સ્થાપના દિવસથી અમલી બનેલી શ્રવણ તીર્થ દર્શન યોજના હેઠળ રાજ્યના ૬૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વરિષ્ઠ નાગરિકો પોતાના મનપસંદ તીર્થસ્થળોની સમૂહ-યાત્રા કરાવવામાં આવે છે. યોજનાહેઠળ વરિષ્ઠ યાત્રીઓને રાજ્ય વાહન-વ્યવહાર (એસટી) નિમગની સુપર નૉન-એસી બસ, મિની નૉન-એસી બસ, સ્લીપર કોચ કે ખાનગી બસની યાત્રાના ખર્ચની ૭૫ ટકા રકમ સરકાર તરફથી આપવામાંઆવે છે.આ ઉપરાંતદરેક યાત્રીને સહાય તરીકેએક દિવસના ભોજનના ?૫૦ તથારહેવાના ?૫૦;એમ કુલ ?૧૦૦ અને મહત્તમ ?૩૦૦ આપવામાં આવે છે.

કૈલાસમાનસરોવરયોજનામાં હેઠળ સહાય રાશિ ?૨૩,૦૦૦થી વધારીને ?૫૦,૦૦૦ કરવામાં આવી

ગુજરાતના ૨૫૬૪ શ્રદ્ધાળુઓએ કૈલાસમાનસરોવર યોજનાનો લાભ મેળવ્યો છે, અનેઆ યાત્રામાટે રાજ્ય સરકાર દ્વારા શ્રદ્ધાળુઓને ?૫૮૧.૪૯ લાખની સહાય ચૂકવવામાંઆવી છે. કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા ગુજરાતી યાત્રિકોને રાજ્ય સરકાર દ્વારા ?૨૩,૦૦૦ની પ્રોત્સાહક સહાય આપવામાં આવતી હતી. પરંતુ, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાનેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારાગતવર્ષોઆ પ્રોત્સાહક સહાયની રકમમાં વધારો કરીને તેને ?૫૦,૦૦૦ કરી દેવામાં આવી છે.

તેવી જ રીતે વર્ષ ૨૦૧૭થી ચાલતી સિંધુ દર્શન યોજનાના હેઠળ ૧૭૫૪ લાભાર્થીઓએ તીર્થયાત્રાનો લાભ મેળવ્યો છે, જેમને રાજ્ય સરકારદ્વારા ?૨ કરોડ ૬૩ લાખ ૧૦ હજારની સહાય પૂરી પાડવામાં આવીછે, ઉલ્લેખનીયછે કે,ભારતના ભાલ સમાન લેહ-લદાખમાં યોજાતા સિંધુ દર્શન ઉત્સવ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. દર વર્ષે ગુરુ પૂર્ણિમા પર્વએ યોજાતા આ ઉત્સવમાં સિંધી સમુદાયના લોકો મોટી સંખ્યામાંજોડાય છે. અહીં શ્રદ્ધાળુઓ સિંધુ સ્નાનકરી પવિત્રતાની અનુભૂતિકરે છે.આ યોજનાહેઠળ વર્ષમાં ૩૦૦ પ્રવાસીઓને સહાય મળેછે. લાભાર્થી દીઠ ?૧૫હજારની સહાયઆપવામાં આવે છે. જો પ્રવાસીઓની સંખ્યા વધે, તો ડ્રૉ સિસ્ટમથી ૩૦૦ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. ગુજરાતી શ્રદ્ધાળુઓની તીર્થયાત્રાની ઈચ્છાપૂર્તિમાંગુજરાત સરકાર મહત્વપૂર્ણ યોગદાન આપીરહી છે.

ગાંધીનગરમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ની પ્રદર્શની યોજવામાં આવી

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર
આગામી સ્વાતંત્ર દિન, ૧૫મીઓગસ્ટ નાઅનુસંધાને ૧૩ ઓગસ્ટ મંગળવારથી ૧૫મી ઓગસ્ટ ગુરુવાર સુધીઉદ્યોગભવન બ્લોકન. ૧ના કોરિડોરસેક્ટર ૧૧, ગાંધીનગર માં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની પ્રદર્શની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, લીડ બેંક, ગાંધીનગર દ્વારા ખુલ્લી મૂકવામાં આવીછે. જેનું ઉદઘાટન શ્રી ડીએમ જાડેજા, જીએમ, જિલ્લા ઉદ્યોગકેન્દ્ર, શ્રીમતીજ્યોતિકુમારી , ચીફ મેનેજર, એસબીઆઇ, રેજિઓનલ ઓફિસ, શ્રી વિનોદ પટેલ, ચીફ મેનેજર, ઉદ્યોગ ભવન શાખા તથાશ્રી આદેશજુનેજા, લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર ના વરદ હસ્તે કરવામાં આવ્યું. વિભાજન દરમ્યાન થયેલ વેદના અને બલિદાનોની યાદ અપાવવા માટે દર વર્ષ ૧૪ ઓગસ્ટને વિભાજન વિભીષિકાસ્મૃતિ દિવસતરીકે યાદ કરવામાં આવે છે. આ પ્રદર્શનીમાં દેશના ભાગલા સમય અસંખ્ય પરિવારના ત્યાગ, સંઘર્ષ અને બલિદાન સ્મૃતિ તાજી કરતાં પોસ્ટરો પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યુ છે. બેંક ઓફ ઈન્ડિયા, લીડ બેંક, ગાંધીનગરદ્વારા પ્રસિધ્ધ કરવામા આવેલી યાદીમાં વિના મૂલ્યે યોજાનાર આ પ્રદર્શનીનો લાભ લેવા જાહેર જનતાને નિવેદન કરાયુ છે.

Poster Making અને Drawing Competitionનું આયોજન

કમલમ્ ન્યુઝ,
અમરોલી SFI કોલેજમાં, એન્ટીરેગીંગસપ્તાહની ઉજવણીનાં અંતર્ગત તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૪નાં રોજ Poster Making અને Drawing Compitionનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. Drawing Compition (B. Com.) માંપ્રથમ ક્રમમેળવનાર વિદ્યાર્થીની કાસોદરિયા જાનવી દ્વિતીય ક્રમ દાવરા ક્રિનલ અને Poster Making Compition (B. Com.) માં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીની ચુડાસમા રાહુલ દ્વિતીય ક્રમ ડોંડા ઈશાએ પ્રાપ્ત કર્યો હતો. Drawing Compition (BBA) પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીની અગ્રવાલ ભૂમિ જ્યારે દ્વિતીય ક્રમ બલર પ્રીત અને ડોબરીયા નિધિએ પ્રાપ્ત કર્યોહતો.

Drawing Compition (BCA)પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીની દોમડીયા ધ્રુવી દ્વિતીય ક્રમ પાનસુરીયા લીઝાઅને Poster Making Compition (BCA) માંપ્રથમક્રમ મેળવનાર વિદ્યાર્થીનીઓમાં સાવલિયા હીર અને સાકરીયા હિમાંશીએ મેળવ્યો હતો. જ્યારે દ્વિતીય ક્રમ નંદવાના નિમિશાએ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક શ્રી દિવ્યા બેન ગોહિલ રહ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન અનેસંચાલન સાંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. આસ્પર્ધાનું આયોજન કોલેજના પ્રિન્સિપલ ડૉ. મુકેશ ગોયાણી નાનેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

સોમનાથના પ્રાંગણમાં સરસ મેળાનો શુભારંભ કરાવતા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર

કમલમ્ ન્યુઝ,
ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી પવિત્ર શ્રાવણ માસના પવિત્ર સોમવારે સોમનાથ મંદિરના પ્રાંગણમાં આયોજિત સરસમેળાનો શુભારંભ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મંજૂલાબહેન મૂછારે જિલ્લાનામહાનુભાવો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં કરાવ્યોહતો. આઅવસરે, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી રાજવીરસિંહ ઝાલાએજણાવ્યું હતું કે, રાજ્ય સરકાર મહિલાઓ આર્થિક રીતે સદ્ધર બને અને પોતાના પગ પર ઉભી રહે તે માટે અનેક પ્રકારની યોજનાઓ અને ઉપક્રમો દ્વારામહિલાઓને સશક્ત બનાવવાનું કાર્ય કર્યું છે. આજે યોજાયેલો મેળો સરસ મેળો મહિલાઓને આર્થિક ઉન્નતીની કેડી કંડારવામાટે મહત્વનોસાબિત થશે તેવો વિશ્વાસ પણ તેમણે આ તકે વ્યક્ત કર્યો હતો. જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતુંકે, રાજ્ય સરકાર દ્વારા સખીમંડળની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના દ્વારા બેંકોનું પણ તેમને ધીરાણ મળે છે. આ બધા દ્વારા તેમના ધંધા-રોજગારને વેગ મળે છે. કોરોનાકાળમાં આ મહિલાઓએ મોટાપાયા પર માસ્કનું ઉત્પાદન કરીને પોતાનો રોજગાર ઉભો કરવા સાથે કોરોનાના નિયંત્રણ માટે પણ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. સરસ મેળામાં સ્થાનિક સ્તરથી લઈને રાષ્ટ્રીય સ્તરની કલા કારીગરીના કસબીઓ ભાગલેતાંહોય છે. તેમાં અલભ્ય અને અનોખી વસ્તુઓનું પણ વેચાણ થતું હોય છે ત્યારે, જિલ્લાના લોકો આ વસ્તુઓની ખરીદી દ્વારા મહિલાઓના સ્વાવલંબન માટે સહભાગી થાય તેવીઅપીલ પણ તેમણે આતકે કરી હતી.કલેક્ટરશ્રીએ જિલ્લાભરમાં યોજાઈ રહેલી તિરંગા યાત્રામાં મોટાપાયે સહભાગી થવા અપીલ કરી હતી. આ ઉપરાંત તા. ૧૪ ઓગસ્ટના રોજ ટાવર ચોકથી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સુધી યોજાનાર તિરંગા યાત્રામાં સહભાગી થવા જિલ્લાના નાગરિકોને નિમંત્રણ પાઠવ્યું હતું. અગ્રણી શ્રીમહેન્દ્રભાઈ પીઠિયાએ જણાવ્યું કે, મહિલાઓને પગભર કરવા માટે પ્રતિવર્ષ રાજ્ય સરકાર દ્વારા સરસ મેળાનું આયોજન કરવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંગણવાડીથી લઈ આશાવર્કર બહેનો સુધી મહિલાઓ સશક્ત કેમ બને એ દિશામાં કામ કર્યું છે. રાજ્ય સરકારે પણ તેમની આવક બમણી થાય તે માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી મહિલાઓની સમૃદ્ધિની દિશા ખોલી છે. મહિલાઓ ઘરે બેઠા જ કામ કરી શકે અને તેમની મહેનતના નાણાં સીધા તેમના ખાતામાં જ ટ્રાન્સફર થાય તે સુધીની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. મહિલાઓ દ્વારા નિર્મિત ભરતકામ, ગૂંથણકામ તેમજ હસ્તકલાજેવી વસ્તુઓનાસ્ટોલ આ સરસ મેળામાં રાખવામાં આવ્યાં છે. તેમની આ કલાકારીની ખરીદી માટે મોબાઈલથી પણ ઓર્ડર આપી શકાય તેવી વ્યવસ્થાઉભી કરવામાં આવી છે. જેનો સૌએ લાભ લેવા માટે અપીલ પણ તેમણે કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારનાસભ્યોનેજોડીને સંગઠિત બનાવી, તેમને બેંકો પાસેથી લઘુધિરાણ મળેતે માટે પણ જોડીને મહિલા સભ્યોને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ સાથે જોડીને સ્વાવલંબી અને આત્મનિર્ભર બને તે માટેનાપ્રયત્નો કરવામાંઆવે છે. કાયમી આજીવિકા સાથે મહિલાઓને જોડીને તેઓ ગરીબી રેખામાંથી બહાર આવે તેવા હેતુ સાથે રાષ્ટ્રીય ગ્રામિણ આજીવીકા મિશન અંતર્ગતરાજ્યમાસમયાંતરે સરસમેળાનું આયોજન કરવામાં આવે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી દર્શનાબહેન ભગલાણીએ સ્વાગત પ્રવચન કરી જ્યાં નારીઓનું પૂજન થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે તેવા શ્લોકનો ઉલ્લેખ કરી મહિલા કલ્યાણના આ યજ્ઞમાં યથાયોગ્ય સહભાગી થવા માટેનો અનુરોધ કર્યો હતો. આ અવસરે ઉપસ્થિત જિલ્લાના મહાનુભાવો અને પદાધિકારીઓએ વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ તકે, વિવિધ સ્વ-સહાય જૂથની મહિલાઓને વિવિધ સહાય ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. કલાકારો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ આ અવસરે કરવામાં આવી હતી. આ સરસ મેળામાં ગીર સોમનાથ જિલ્લાના ૨૨ અને અન્ય જિલ્લાના ૨૮ મળી કુલ ૫૦ સ્ટોલ લગાવવામાં આવ્યા છે. આ સ્ટોલ તા.૧૨ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બરસુધી સવારે ૧૧.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ સુધી જાહેર જનતા માટે ખુલ્લા રહેશે. આ સરસ મેળા ઉદ્ઘાટન પ્રસંગે વેરાવળ-પાટણ નગરપાલિકાના પ્રમુખ શ્રી પલ્લવીબહેન જાની, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા શ્રી મનોહરસિંહ જાડેજા, અધિક નિવાસીકલેક્ટર શ્રીરાજેશ આલ, સોમનાથ ટ્રસ્ટનાજનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા, સહિતનાં પદાધિકારીઓ -અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ગણોલ, વાલથેરા, ઈંગોલી અને ધોળી ગામે તિરંગા યાત્રા દ્વારા સ્વાતંત્ર્ય પર્વની વધામણી

અમદાવાદ જિલ્લાના ધોળકાના વિવિધ ગામોમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કમલમ્ ન્યુઝ,
ધોળકા તાલુકાના ગણોલ, વાલથેરા, ઈંગોલી અને ધોળી ગામે શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામપંચાયત અને નગરપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓએ અને ગ્રામજનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા હર ઘર તિરંગા યાત્રાને વિવિધ રીતેઆયોજિત કરી સફળ બનાવવામાં આવી હતી. ૭૮મા સ્વાતંત્ર પર્વ નિમિત્તે ધોળકા તાલુકાના વિવિધ ગામોમાં તિરંગા યાત્રામાં સામેલથઈને નગરજનોએ દેશપ્રેમને વધાવી લીધો હતો.

કમલમ્ ન્યુઝ,
ડૉ. કુબેરભાઈ ડીંડોર માન. મંત્રી આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર.૨૮, ગાંધીનગર તરફથી આવેલ ડેલીગેશનની દોર સંભાળી રહેલ પ્રભારી આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજી એ આત્મસ્મૃતિનું તિલક કરી પરમપિતાપરમાત્મા શિવની સ્નેહ અને શક્તિ સભર રાખડી બાંધેલ, ઈશ્વરીય વરદાન આપેલ અને પ્રભુ પ્રસાદથી મુખ મીઠું કરાવી સુરક્ષા કવચ પૂરું પાડેલ. ડેલીગેશનમાં બી.કે. તારાબેન, બી.કે.જુગનુબેન, બી.કે.કૃપલબેન પણ સામેલ હતા. મંત્રીશ્રી એ બ્રહ્માકુમારી સંસ્થાની ગતિ વિધિની ખૂબ ખૂબ પ્રશંસા કરેલ.

કમલમ્ ન્યુઝ,
નૂતન કોલેજ ઓફ નર્સિંગ, સાંકળચંદ પટેલયુનિવર્સિટી, વિસનગર દ્વારા વિસનગર શ્રી પરીખ ડી.ડી ગર્લ્સ સ્કૂલના વિદ્યાર્થીઓને ચાંદીપુરા વાયરસ શું છે, કેવી રીતે ફેલાય છે, શું લક્ષણો છે અને બચવાના ઉપાયો નિવારણ અંગેઆરોગ્યજાગૃતિ કાર્યક્રમનુંઆયોજન કરવામાંઆવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિસનગર, શ્રી પરીખ ડી.ડી ગર્લ્સસ્કૂલના પ્રિન્સીપાલ શ્રી જીજ્ઞાશાબેન. આર. પટેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જે બદલ સાંકળચંદ પટેલયુનિવર્સિટી ના પ્રમુખપ્રકાશભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડૉ. પી.એમ. અદાણી એ પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણયમ સહિત નર્સિંગ વિભાગ ને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ બધા માટેખૂબ જ અસરકારક રહ્યો.

વલસાડ ખાતે ૪૦૦ મીટરના વિશાળ તિરંગા સાથે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

એસપી કચેરીથી મોઘાભાઈ હોલ સુધી બે કીલોમીટરની તિરંગા યાત્રામાં દેશભક્તિ છલકાઈ

સાંસદ, જિલ્લા પંચાયત પ્રમુખ અને ધારાસભ્યો તિરંગાના સન્માન સાથે તિરંગા યાત્રામાં પગપાળા ચાલી સામેલ થયા

અશ્વદળ, મોટર સાયકલ દળ, પોલીસ પ્લાટૂન અને પોલીસ બેન્ડ આકર્ષણનું કેન્દ્ર બન્યા

કમલમ્ ન્યુઝ,વલસાડ
વલસાડ ખાતે સાંસદશ્રી ધવલભાઈ પટેલની ઉપસ્થિતિમાં વલસાડ વહીવટી તંત્ર દ્વારા ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. સાંસદશ્રી સાથે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, ધરમપુર અને વલસાડ ધારાસભ્ય સર્વશ્રીઓ અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. કરનરાજવાઘેલા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગચપલોતે લીલીઝંડી આપી તિરંગાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. હજારો વલસાડવાસીઓએ ઉપસ્થિત રહી સમગ્ર વાતાવરણને તિરંગામય બનાયું હતું. સમગ્ર શહેર દેશભક્તિના રંગમાં રંગાયું હતું. તિરંગા યાત્રામાં પોલીસ અશ્વદળ, મોટરસાઈકલ દળ, વિવિધ પોલીસ પ્લાટૂન, હોમગાર્ડ, ગ્રામરક્ષકદળ, ટ્રાફિક બ્રિગેડ અને પોલીસ બેન્ડે તિરંગા સાથે સામેલ થયા હતા. પોલીસના અશ્વદળે તિરંગા યાત્રાની આગેવાની કરી હતી. ફૂલોથીશણગારાયેલી ખુલ્લી જીપમાં ભારતમાતાનું ફૂલોની પાંખડીઓથી સ્વાગત કરાયું હતું. સાથે સાથે ગુજરાત યોગ બોર્ડના ૧૫૦ જેટલા સભ્યો તિરંગા સાથે રેલીમાં સામેલ થયા હતા. એનસીસી અને એનએસએસના યુવા સભ્યોએ યુવા શક્તિનું પ્રદર્શનકર્યું હતું. પોલીસની મહિલા પ્લાટૂન અને એનસીસીના મહિલા કેડેટ્સે તિરંગા સાથે માર્ચ કરી સ્ત્રીશક્તિનું પ્રદર્શન કર્યું હતું. યાત્રાના રૂટમાં ઠેર ઠેર ફુલોની પાંખડીઓદ્વારા યાત્રાનુંસ્વાગત કર્યું હતું. પોલીસની ૫૦૦ કર્મીઓની વિવિધ પ્લાટૂનના જવાનો સાથે ફાયર ડિપાર્ટમેન્ટનાફાયર ફાઈટર્સે તિરંગા સાથે માર્ચ કરી હતી. શાળાના વિદ્યાર્થીઓ વિવિધ સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષામાં જોડાયા હતા. જિલ્લાની વિવિધ શાળાના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત ૩૫૦૦ થી ૪૦૦૦ લોકોએ તિરંગા યાત્રામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાંસદશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને ધારાસભ્યોએ તિરંગા સાથે એસપી કચેરીથી હાલર ચાર રસ્તા – આઝાદ ચોક – મોંઘાભાઈ હોલ થીપરત એસપી કચેરી સુધી બે કિલોમીટર સુધી તિરંગા યાત્રામાં પગપાળા ચાલી લોકોનો ઉત્સાહ વધારી યાત્રામાં સહભાગી થયા હતા. પોલીસ અધિક્ષકશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિત અનેક અધિકારી-કર્મચારીઓ તિરંગો લહેરાવી યાત્રામાં જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત સૌએ ઘરે ઘરે તિરંગોલહેરાય એવા સંકલ્પસાથે તા.૯ થી૧૫ ઓગસ્ટ દરમિયાન તિરંગાને માન-સન્માન સાથે લહેરાવવાના સામૂહિક શપથ ગ્રહણ કર્યા હતા.

હર ઘર તિરંગા ગૌરવ યાત્રા અંતર્ગત દેશભકિતના રંગમાં રંગાયું ચલથાણ ગામ

કમલમ્ ન્યુઝ,
રાષ્ટ્રવ્યાપી દેશભક્તિની ભાવના જાગૃત કરવાના હેતુસર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૯ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન 'હર ઘરતિરંગા' અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગતસુરત જિલ્લાના પ્રિન્સ હોટલ થી ચલથાણ બજાર સુધી ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે બારડોલી ના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, સુરત જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડ, સુરત જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, સુરત જિલ્લાભાજપ સંગઠન મહામંત્રી જીગરભાઈ નાયક, પલસાણાતાલુકા સંગઠન પ્રભારી જીતેન્દ્રસિંહ વાસિયા, પલસાણા તાલુકા ભાજપ સંગઠન મહામંત્રી મોહનભાઈ આહીર, પલસાણા તાલુકા પંચાયતપ્રમુખયોગેશભાઈ પટેલ, અનુસૂચિત જનજાતિમોરચા ગુજરાત પ્રદેશ મંત્રી રિદ્ધિ એમ પટેલ, અને ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સંતરામપુર નગરમાંઆવેલ સુપ્રસિદ્ધ મોટામહાદેવ મંદિરે વિસ્તારના કર્મઠ ધારાસભ્ય અનેગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબે દર્શન કરીને પરમ ધન્યતાની અનુભૂતિ કરી. મહાદેવ સૌને સમૃદ્ધિ અને સુખાકારી અર્પેએજ પ્રાર્થના. આ તકે નગરના મેઈન બજાર વિસ્તારમાં આવેલ દુકાનોના વેપારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી. આ તકે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ વળવાઈ, હિતેશભાઈ ઉપાધ્યાય, પોપટભાઈ ડિંડોર, ઝાલુભાઈ, અશોકભાઈ સરપંચ સહિત પાર્ટીના કાર્યકર્તાઓઉપસ્થિત રહ્યા હતા.

માંડવી નગરપાલિકા દ્વારા હર ઘર તિરંગા ઘર ઘર યાત્રા વરસતા વરસાદ વચ્ચે પણ માંડવી નગર તિરંગા ના રંગે રંગાયું

એક પેડ મા કે નામ અંતર્ગત તાપી ગાર્ડનમાં મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે વૃક્ષારોપણ કરાયું

કમલમ્ ન્યુઝ,
માંડવી નગરપાલિકા દ્વારા તારીખ ૧૨. ૮ ૨૦૨૪ ના રોજ સતત વરસી રહેલા વચ્ચે વરસાદ વચ્ચે આપણા દેશની આનબાન અને શાન સમાહર ઘરતિરંગા ઘર ઘરતિરંગા યાત્રામંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં યોજાય હતી. આ તિરંગા યાત્રા માંડવી આશાપુરા માતાના મંદિરથી મંત્રી શ્રી કુવરજીભાઈ હળપતિ દ્વારા પ્રસ્થાન કરાવી હતી અને આખા નગરમાં આનંદ ઉલ્લાસભવ્ય ભારત માતાકીજય, વંદે માતરમના નારા લગાવી આ યાત્રા વલ્લભભાઈ ખાતે પહોંચીસરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ તથા મહાનુભવો દ્વારા સુતરની આંટી પહેરાવીહતી. અને ત્યાંથી રેલી નીકળી માંડવીસુપડી વિસ્તાર ખાતે તેનું સમાપન કરવામાં આવ્યું હતું. આ આ પ્રસંગે કુવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતુંકે સ્વારથી સતત વરસી રહેલા વરસાદ વચ્ચે પણ વિવિધકોલેજ,શાળાના બાળકો અધિકારીઓ પાલિકાના કર્મચારીઓ પાલિકાના સદસ્યો ભાજપના સંગઠનના હોદ્દેદારો તેમજ વિવિધ મોરચાના હોદ્દેદારો કાર્યકરો નગરજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિતરહ્યા હતા અને સતત વરસી રહેલા વરસાદ વચ્ચે પણ આનંદ ઉલ્લાસ ભેર રેલીમાં જોડાયા અને રાષ્ટ્રભાવના ઉજાગર કરી તે બદલ સૌનો આભાર માનું છું. અંતે રાષ્ટ્રગીત ગાયન કાર્યક્રમની પૂર્ણાહુતિ સૂપડી ચાર રસ્તા ખાતે કરવામાં આવીહતી આ પ્રસંગે સુરત જિલ્લા ભાજપ મંત્રી ડો. આશિષભાઈ ઉપાધ્યાય, માંડવી નગરપાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, કારોબારી અધ્યક્ષ કિરીટભાઈ પટેલ ,ચીફ ઓફિસર પૂર્વીબેન પટેલ, માંડવી નગર ભાજપ પ્રમુખ નીતિનભાઈ શુક્લ, મહામંત્રી શ્રી ઓ પ્રીતેશભાઈ રાવળ, સ્નેહલભાઈ મોઢેરા, પ્રાંત અધિકારી, મામલતદાર વસાવા , ટીડીઓ રવિન્દ્ર સિંહ સોલંકી, પી.આઈ જે. જી .મોડ, આ એફ ઓ. એચ જે વાંદા, રવિન્દ્ર સિંહ વાઘેલા, વિવિધ વિભાગના અધિકારીઓ પણ જોડાયા હતા.

કેન્દ્રીય મંત્રી ડૉ. વિરેન્દ્ર કુમારે નવી દિલ્હીમાં નશા મુકત ભારત અભિયાન હેઠળ નશીલા દ્રવ્યોના દુરુપયોગ સામે દેશવ્યાપી 'સામૂહિક પ્રતિજ્ઞા' લેવડાવી

એનએમબીએ હેઠળ ૩.૫૫ કરોડથી વધુ યુવાનો અને ૨.૩૫ કરોડ મહિલાઓ સહિત ૧૧.૨૬ કરોડથી વધુ લોકોને પદાર્થના દુરૂપયોગ અંગે સંવેદનશીલ બનાવવામાં આવ્યા છેઃ ડો.વિરેન્દ્ર કુમાર

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રી (એસજેઈ) ડૉ. વિરેન્દ્ર કુમારે આજે નવી દિલ્હીમાં મોર્ડન સ્કૂલ બારાખંભા રોડ ખાતે નશા મુક્ત ભારત અભિયાન (એનએમબીએ) હેઠળ નશીલા દ્રવ્યોના દુરુપયોગ સામે દેશવ્યાપી 'સામૂહિક પ્રતિજ્ઞા' લેવડાવી હતી. આ પ્રસંગે સામાજિક ન્યાયઅને અધિકારીતા રાજ્યમંત્રી શ્રી રામદાસ આઠવલેની ઉપસ્થિતીમાં ઉપસ્થિત રહ્યાહતા અને, શ્રીબી. એલ. વર્મા (વીડિયો કોન્ફરન્સ દ્વારા). આ કાર્યક્રમ દરમિયાનમોડર્ન સ્કૂલના લગભગ ૨૭૦૦ વિદ્યાર્થીઓ, શિક્ષકો શારીરિક રીતે હાજર રહ્યા હતા, જેમાં મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલહતા. આ કાર્યક્રમમાં વિવિધહિતધારકો જેવા કે શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ, રાજ્ય/જિલ્લા વહીવટી તંત્ર વગેરે દેશના ૧૦,૦૦૦ જેટલા સ્થળોએથી વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. દેશભરમાંથી ૧ કરોડથી વધુ લોકોએ શપથ લીધા હતા અને આ પ્રસંગની ઉજવણી માટે હાથ ધરવામાં આવેલા વિવિધ કાર્યક્રમોમાંભાગ લીધોહતો. નશા મુક્ત ભારત અભિયાન (એન.એમ.બી.એ.)નોહેતુ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી કેમ્પસ, શાળાઓ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરીને લોકોસુધીપહોંચવાનો અને પદાર્થના ઉપયોગવિશે જાગૃતિ ફેલાવવાનોછે. તેનોઉદ્દેશ આશ્રિત લોકોસુધી પહોંચવાનોઅને તેમની ઓળખ કરવાનો,હોસ્પિટલો અને પુનર્વસન કેન્દ્રોમાં તેમની પરામર્શ અને સારવાર સુવિધાઓપર ધ્યાન કેન્દ્રિત કરવાનો તેમજ સેવા પ્રદાતાઓ માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમોપર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. જ્યારે ભારત તેના ૭૮ માં સ્વતંત્રતા દિવસની નજીક આવી રહ્યું છે, ત્યારે એનએમબીએ ૨૦૨૦ના રોજ તેની શરૂઆત પછીપાંચમાં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. આ સીમાચિહ્નને માન્યતા આપવામાટે સામાજિકન્યાય અને અધિકારીતાવિભાગ(ડીઓએસજેઈ) એ સમગ્રદેશમાં સામૂહિક પ્રતિજ્ઞા/ શપથગ્રહણ સમારંભનું આયોજન કર્યું હતું. પોતાનાં સંબોધનમાં ડૉ. વિરેન્દ્ર કુમારે જનમેદનીને યાદ અપાવ્યું હતું કે, આ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦નાં રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી નશીલા દ્રવ્યોથી મુક્ત ભારતનું આહ્વાન કર્યું હતું. તેમની હાકલનોપ્રતિસાદ આપતાં, સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલયે દેશના ૨૭૨ જિલ્લાઓની ઓળખ કરી હતી જે ડ્રગના દુરૂપયોગથી સૌથી વધુ અસરગ્રસ્ત હતા, અને એનએમબીએ શરૂ કર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૨૩થી ભારતના તમામ જિલ્લાઓને આ અભિયાનમાં સામેલ કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અત્યારેદેશમાંજમીનીસ્તરે હાથ ધરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ મારફતે એનએમબીએ હેઠળ ૩.૫૫કરોડથી વધારે યુવાનો અને

દેશભરમાં ૧૦,૦૦૦થી વધુ સ્થળોએ યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં ૧ કરોડથી વધુ લોકોએ શપથ લીધા હતા અને ભાગ લીધો

૨.૩૫ કરોડ મહિલાઓ સહિત ૧૧.૨૬ કરોડથી વધારે લોકોને નશીલા દ્રવ્યોનાં સેવન અંગે જાણકારી આપવામાં આવી છે. તેમણે ઉમેર્યુંહતું કે, ૩.૪૦ લાખથી વધારે શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારીએ સુનિશ્ચિત કર્યું છે કે, અભિયાનનો સંદેશ દેશનાં બાળકો અને યુવાનો સુધી પહોંચે. નશીલા દ્રવ્યોનાં દૂષણને પહોંચી વળવા સમગ્ર સમાજનાં મહત્ત્વ પર ભાર મૂકીને મંત્રીશ્રીએ ભારપૂર્વકજણાવ્યું હતું કે, આપડકાર માટે સમાજના દરેક વ્યક્તિએ ખભેખભો મિલાવીનેઆ સામાજિક ઉદ્દેશ માટે લડવું જરૂરી છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતુંકે, યુવાનોમાં જાગૃતિ ફેલાવવાનીજરૂર છેઅને પદાર્થના ઉપયોગનીવહેલીતકે ઓળખ અને નિવારણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે અને તેમણે ડ્રગ્સ સામેની ઝુંબેશનું નેતૃત્વ કરવું જોઈએ. વિદ્યાર્થીઓને વિનંતી કરવામાં આવી હતી કે તેઓ વધુ જાગૃત રહે અને ડ્રગના ઉપયોગ સામે સમાજમાં સંદેશ ફેલાવે. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરતાં રાજ્યમંત્રી શ્રી રામદાસ આઠવલેએ જણાવ્યું હતું કે, સરકાર નશીલા દ્રવ્યોના વિષચક્રને પહોંચી વળવા માટે યુદ્ધનાં ધોરણે કામ કરી રહી છે. તેમણે એનએમબીએની સિદ્ધિઓ પર પ્રકાશપાડ્યો અને સમજાવ્યું કે તેનાથી દવાઓની માંગ ઘટાડવામાં કેવી રીતે મદદ મળી છે. મંત્રીએ આ પહેલમાં ભાગ લેવા બદલ વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. સચિવ (ડીઓએસજેઈ) શ્રી અમિત યાદવે તેમના મુખ્ય સંબોધનમાં ડ્રગ-મુક્ત ભારતને પ્રાપ્ત કરવામાં આ ઈવેન્ટના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, નશીલા દ્રવ્યોનો ઉપયોગરાષ્ટ્રીય અર્થતંત્રપર નિર્ભર છે. તેમણે ઉમેર્યું હતું કે, નશીલા દ્રવ્યોની લતની દેશ પર સામાજિક અને આર્થિક એમ બંને પ્રકારની અસર પડે છે અને સામૂહિક પ્રયાસોથી આ દૂષણને નાબૂદ કરી શકાય છે. કેન્દ્રીય મંત્રી અને રાજ્યમંત્રી દ્વારા 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સચિવ (ડીઓએસજેઈ), આચાર્ય (આધુનિક શાળા), વિદ્યાર્થીઓ અને શિક્ષકોનીહાજરીમાં શાળાના કેમ્પસમાં રોપાઓનું પણ વાવેતર કરવામાંઆવ્યું હતું.મોર્ડન સ્કૂલના તમામ વિદ્યાર્થીઓને તેમના ઘરે રોપણી માટે રોપાઓનું વિતરણ કરવામાંઆવ્યું હતું.

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા "ડાક ચોપાલ" પર વિશેષ આવરણ અને વિરુપણ

કમલમ્ ન્યુઝ,
ડાક વિભાગ દ્વારા જરૂરી સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓને પ્રત્યેક લોકો સુધી પહોંચાડવા માટે દરેક જિલ્લામાં 'ડાક ચોપાલ'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં 'ડાક ચોપાલ' પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાઅને તેમને પ્રોત્સાહિત કરવા માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા નવી સચિવાલય, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે 'ડાક ચોપાલ' પર એક વિશેષ આવરણ અનેવિરુપણ જારીકરવામાં આવ્યું. અમદાવાદ મુખ્યાલય પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણકુમાર યાદવ અને ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક ડાકઘર શ્રી પિયૂષ રજક પણ આ અવસરે ઉપસ્થિત રહ્યા. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે 'ડાક ચોપાલ' અભિયાનની પ્રશંસા કરતા કહ્યું કે ડાક ચોપાલ જનમાનસ અને સરકારી કાર્યોની વચ્ચે મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરશે, જેના પરિણામે અંતર અને પહોંચ જેવા અવરોધો ઘટશે. માનનીયવડાપ્રધાનજીના નેતૃત્વમાં ડાક વિભાગની ભૂમિકા માં ઘણા સકારાત્મક પરિવર્તનો આવ્યા છે. આવી સ્થિતિમાં, આ પહેલનો હેતુ જરૂરી સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓને સમાજના અંતિમ ખૂણા સુધી પહોંચાડવાનો છે, જેનો ફાયદો ગુજરાતની પ્રજાને અને તમામ લાભાર્થીઓને મળશે. કેન્દ્રીય સેવાઓની સાથે રાજ્ય સ્તરની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણએક જ છત નીચેમળી શકશે. અમદાવાદ મુખ્યાલય પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે ૧૫ ઓગસ્ટના રોજ દરેક ડાકઘરમાં સ્વતંત્રતા દિવસ પર્વ પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવાનીસાથે જ 'ડાક ચોપાલ' દ્વારા સરકારની તમામ જનકલ્યાણકારીયોજનાઓ અને તેના લાભો પ્રત્યે લોકોને જાગૃત કરવામાં આવશે. ડિજિટલ ઈન્ડિયા, નાણાકીય સમાવેશ અને અંત્યોદયનીસંકલ્પનાથી સમાજના દરેક વ્યક્તિને જોડવા માટે ગુજરાતના વિવિધ સ્થળોએ ડાક ચોપાલનું આયોજન કરવામાંઆવી રહ્યું છે. જેમાં 'સરકારી સેવાઓ તમારા દ્વાર' હેઠળ નાણાકીય સેવાઓ, વીમા, પેમેન્ટ્સ બેંક સેવાઓ, ડીબીટી, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિત તમામ નાગરિક કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃત કરી લોકોને જોડવામાં આવી રહ્યા છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028